મા ફાઉન્ડેશન
જ્ઞાનથી જ વિકાસ છે

Bilakhia House,
Muktanand Marg, Chala,
Vapi 396 191, Gujarat.
T + 91 260 6545172. 173
TF + 91 260 3052125

ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ મેળવવાનો અધિકાર બધાનો છે. આમ છતાં ભારતમાં તેનો લાભ ફક્ત શહેરના વિદ્યાર્થીઓને જ પ્રાપ્ય છે. આ કારણે, દેશની વસ્તીના એક બહુ મોટા ભાગને દેશની હાલની આર્થિક પ્રગતિનો લાભ મળતો નથી કે તે તેમાં યોગદાન આપી શકતો નથી. જો ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ દેશના મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારમાં પહોંચે તો જ ભારત સાચા અર્થમાં આર્થિક મહાસત્તા બનવા માટે સક્ષમ બને. હાલમાં ભારતીય શૈક્ષણિક પદ્ધતિમાં અપાતી સવલતોની સમસ્યાની ગંભીરતા જોતાં, ફક્ત સરકાર દ્વારા થતા પ્રયત્નો પૂરતા નથી. પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ (પી.પી.પી) અને / અથવા સી.એસ.આર પ્રોજેક્ટ દ્વારા કટીબદ્ધ વ્યક્તિઓ અને ઉદ્યોગગૃહોએ આમાં સંકળાવું જ પડશે અને તેઓના સમય, પૈસા અને લોકો વડે ભારતને તેની મહત્તમ માનવીય કાર્યક્ષમતા સિદ્ધ કરવામાં સહાયરૂપ થવું પડશે. 'મા ફાઉન્ડેશન' એ વલસાડ જિલ્લામાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા છે. આ સંસ્થા એક કોર્પોરેટ ગ્રુપ દ્વારા સંપૂર્ણ અનુદાનિત સંસ્થા છે, જેનું ધ્યેય સરકાર સાથે રહીને પાયાના સ્તરેથી શૈક્ષણિક ક્ષેત્રમાં સુધારણા લાવવાનું છે. સંસ્થા સંપૂર્ણ ઉત્સાહ અને સમર્પણ સાથે કંપનીની જેમ કાર્ય કરે છે. આ સંસ્થા પોતાના પ્રોજેક્ટ્સમાં આયોજન, અમલ અને દેખરેખની દૃષ્ટિએ શ્રેષ્ઠ કાર્યક્ષમતા અને જવાબદારી દાખવે છે. ભારત 28 રાજ્યો, 7 કેન્દ્રશાસિત પ્રદેશો અને 626 જિલ્લાઓ ધરાવતો એક વિશાળ દેશ છે. દરેક જિલ્લાઓને તેના પરિશ્રમના લાભ પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે મા ફાઉન્ડેશન જે પ્રોજેક્ટ/મોડેલો બનાવે છે તે માપી શકાય તેવા, ટકાઉ અને પ્રતિકૃતિ બની શકે તેવા હોય છે જેથી બીજા વ્યક્તિઓ/સંગઠનો પોતાના રસ મુજબ તેની પ્રતિકૃતિ બનાવી શકે. મા ફાઉન્ડેશન હાલમાં શિક્ષણ સાથે સાંકળેલી તમામ વ્યક્તિઓ અને સંસ્થાનો સાથે કામ કરી રહ્યું છે એટલે કે વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યો, વાલીઓ અને સરકાર સાથે નીચે આપેલા પ્રોજેક્ટ્સ પર તે કામ કરે છે. તેના પ્રયત્નો દ્વારા હાલમાં મા ફાઉન્ડેશન વલસાડ જિલ્લાના 550 ગામડાઓની 1200 શાળાઓના 2,50,000 બાળકો અને 6500 શિક્ષકોના જીવનને પ્રકાશિત/ઉન્નત બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

<u>સંકલ્પનાઃ-</u> વલસાડ જિલ્લાની દરેક શાળાઓને શિક્ષણ ક્ષેત્રમાં આદર્શ બનાવવી.

<u>લક્ષ્યઃ</u> માપી શકાય તેવા, ટકાઉ અને પ્રતિકૃતિ બની શકે એવા મોડેલ બનાવવા કે જે શહેરી અને ગ્રામ્ય શૈક્ષણિક અંતર વચ્ચે સેતુરૂપ બની શકે.

**પ્રોજેક્ટ્સઃ**

**કેનઃ**

કેનનો અર્થ થાય છે જ્ઞાનનો વિસ્તાર. પ્રોજેક્ટ કેનનું લક્ષ્ય વલસાડ જિલ્લાના મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારમાં ગુણવત્તાવાળું શિક્ષણ ઉપલબ્ધ કરાવવાનું અને ગામડાઓમાં શિક્ષણના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવાનું છે.

મા ફાઉન્ડેશન સ્થાનિક પ્રતિભાની મદદથી વલસાડ જિલ્લામાં શૈક્ષણિક સુધારા લાવી રહ્યું છે. ભણેલા અને બેકાર ગ્રામ્ય યુવાનોને આ ઉદ્દેશ માટે મા ફાઉન્ડેશન દ્વારા પસંદ કરીને તાલીમ આપીને સમર્થ બનાવવામાં આવે છે. અંગ્રેજી ભાષા અને કોમ્પ્યુટર શિક્ષણથી લઈને વ્યક્તિત્વ વિકાસ, સંચાલન કૌશલ્ય અને સોફ્ટ સ્કીલ જેવા તમામ વિષયોનું સંકેંદ્રિત શિક્ષણ આ ગ્રામ્ય યુવાનોને શિક્ષણ સહાયક બનાવવામાં મદદ કરે છે. પછી તેઓને વલસાડ જિલ્લાની ગ્રામ્ય શાળાઓમાં એજ્યુકેશન ઓફિસર તરીકે વિકસિત કરાય છે. મા ફાઉન્ડેશનની પ્રાદેશિક ઑફિસમાં અને વેકેશનમાં જ્ઞાનવર્ધક તાલીમ આપવામાં આવે છે. આ શિક્ષણ સહાયકો જે તે શાળામાં અપાતા શિક્ષણની ગુણવત્તા સુધારણામાં ઉદ્દીપકની જેમ કાર્ય કરે છે અને દરેક શાળાને આદર્શ શાળામાં રૂપાંતરિત કરવા પ્રયત્ન કરે છે.

દરેક શાળામાં એજ્યુકેશન ઓફિસરો નીચેના કાર્યોનો અમલ કરે છે.

- ‘જ્ઞાન સાથે ગમ્મત’ પદ્ધતિનો ઉપયોગ કરીને નબળા વિદ્યાર્થીઓને લઘુત્તમ અધ્યયન સ્તર સુધી પહોંચાડવા.
- અંગ્રેજી ભાષાનું જ્ઞાન – સંભાષણ અને લેખન.
- કોમ્પ્યૂટરનું મૂળભૂત જ્ઞાન.
- અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાને અસરકારક બનાવવા શિક્ષકોને તાલીમ.
- વિદ્યાર્થીઓ, વાલીઓ અને સમગ્ર શૈક્ષણિક વર્ગની દૂરદ્રષ્ટિ વધારવી.
- શાળામાં વાર્ષિક દિન યોજવો.
- વિજ્ઞાન, ગણિત અને રમતના સાજસરંજામનો ઉપયોગ કરવો.
- માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે અભિરૂચિની પરીક્ષા અને કારકિર્દી માર્ગદર્શન.
- વ્યક્તિત્વ વિકાસની શિબિરો.

**વર્તમાન સ્થિતિ:**

24 પ્રોગ્રામ ઓફીસર અને 386 શિક્ષણ અધિકારી (ઈ.સી.) ને ટ્રેનિંગ આપીને ગુજરાતના વલસાડ અને અમરેલી જિલ્લાની 386 સરકારી પ્રાથમિક શાળાઓમાં મૂકવામાં આવેલ છે. નીચે દર્શાવેલ અલગ-અલગ પ્રવૃત્તિમાં જણાવેલ સંખ્યામાં વિદ્યાર્થીઓને શિક્ષણ, તાલીમ, માર્ગદર્શન અને સાધનો આપવામાં આવ્યા છે.

- 23340 નબળા વિદ્યાર્થીઓને લઘુત્તમ અધ્યયન (મીનીમમ લેવલ) થકી તાલીમ આપવામાં આવી.

- ધો.3 ના 32822 વિદ્યાર્થીઓ આધુનિક પદ્ધતિથી ગણિતની તાલીમ આપવામાં આવી.
- 41451 વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાનું જ્ઞાન આપવામાં આવ્યું.
- 1068 શાળાના 82608 વિદ્યાર્થીઓને બેઝિક કોમ્પ્યુટર વિષે શીખવવામાં આવ્યું.
- દર શનિવારે દરેક શાળાઓમાં વ્યક્તિગત આરોગ્યલક્ષી શિક્ષણની માહિતી આપવામાં આવી.
- પહેલેથી અલગ તારવેલી સહ-અધ્યાયી પ્રવૃત્તિઓ દરેક શાળામાં કરાવવામાં આવી.
- પ્રથમ કક્ષાના દરેક વિદ્યાર્થીને તેમના શાળાકીય પ્રથમ દિવસે અંદાજિત 154000(સ્ટેશનરી સહિતની) સ્કૂલબેગ આપવામાં આવી.
- વલસાડ જિલ્લાની 250 કરતાં વધારે શાળાઓમાં રોલ મોડેલ શાળાનો અભિગમનો અમલ કરવામાં આવ્યો.
- ધો. 1 થી 8ના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમને ડિજીટલ સ્વરૂપથી શીખવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

<u>વિદ્યાઃ</u>

પ્રોજેક્ટ વિદ્યા એ આર્થિક રીતે પછાત સ્થિતિ ધરાવતા બુદ્ધિશાળી વિદ્યાર્થીઓ માટે આશાનું કિરણ છે. આ શિષ્યવૃતિનો કાર્યક્રમ છે જે વલસાડ, અમરેલી અને ભાવનગર જિલ્લાઓના ઉપસ્નાતક, સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડે છે. દરેક ઇચ્છુક વિદ્યાર્થીને વ્યક્તિગત ઈન્ટરવ્યુ બાદ શિષ્યવૃતિની રકમ મેળવા માટે નિશ્ચિત કરાય છે. ઈન્ટરવ્યુ દરમ્યાન વિદ્યાર્થીની ક્ષમતા અને તેઓની આર્થિક સ્થિતિની આકારણી, તેઓના ઓળખાણપત્રની ચકાસણી અને તેઓની ભવિષ્યની યોજનાની ચર્ચા કરવામાં આવે છે. આ યુવાન તજજ્ઞોને તેમના શ્રેષ્ઠત્તમ પ્રાપ્તિ સુધી સતત મદદ કરવી અને તેમના પર ધ્યાન આપી, પરસ્પરની સંમતીવાળા શૈક્ષણિક લક્ષ્યો નક્કી કરાય છે. માત્ર કાબેલ વિદ્યાર્થીને જ આ સ્કોલરશીપ મળતી રહે એ માટે આ પ્રયત્નો કરાય છે.

આ પ્રોજેક્ટનો મુખ્ય લાભ એ છે કે આર્થિક રીતે પછાત વાલીઓ અને વિદ્યાર્થીઓ નિશ્ચિત થાય છે કે તેઓની મહેનત અને શૈક્ષણિક સ્વપ્નોને મા ફાઉન્ડેશનનું નાણાકીય પીઠબળ છે.

<u>વર્તમાન સ્થિતિ</u>: વલસાડ જિલ્લાના 6000 અને અમરેલી તથા ભાવનગર જિલ્લાના 4000 મળી કુલ અંદાજે 10,000 લાયક અને જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી. જેમાં અંદાજે 3600 જેટલા વિદ્યાર્થીઓએ સ્નાતકથી નીચેની કક્ષાના, 3000 જેટલા સ્નાતક અને 1000 જેટલા વિદ્યાર્થીઓ અનુસ્નાતક કક્ષામાં અભ્યાસ કરતાં હતા.

**ઉડાનઃ**

વિકાસ અને સમૃદ્ધિ ફક્ત શિક્ષણથી જ શક્ય છે. આમ છતાં, જ્યારે બાળકો આર્થિક રીતે પછાત વર્ગમાંથી આવતા હોય ત્યારે અભ્યાસનું મહત્વ હંમેશાં અનુભવાતું નથી. પ્રોજેક્ટ ઉડાન પ્રથમ હરોળના વિદ્યાર્થીઓને ગુણવત્તાવાળું શિક્ષણ પૂરૂં પાડે છે કે જે તેઓની જિંદગી તેમ જ ભાવી પેઢીનું જીવન બદલે છે. શિક્ષણથી સમૃદ્ધ બાળકો કે જે તેમને 'શિક્ષણ દ્વારા સમૃદ્ધિ'નો સંદેશો ઘર સુધી પહોંચાડવામાં મદદ કરે છે. તેઓ આર્થિક સહાય મેળવે છે, બોર્ડિંગ શાળાઓમાં અને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમમોમાં પ્રવેશ મેળવે છે, તેઓના વ્યક્તિત્વને નિખારવા માટે સોફ્ટ સ્કીલની તાલીમ અપાય છે અને તેમના માટે કારકિર્દી જાગૃતિના કાર્યક્રમો ખુલ્લા મુકાય છે. તેઓના શૈક્ષણિક અને વ્યક્તિત્વ વિકાસને યોગ્ય રીતે ચકાસવામાં આવે છે તેથી તેઓ આવતી કાલના સમાજના મુખ્ય પ્રવાહમાં ભળવા યોગ્ય બને.

વર્તમાન સ્થિતિઃ 1000 કરતાં વધારે લાયક અને જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક ઉન્નતિ માટે અપનાવવામાં આવ્યા છે.

**સમર્થનઃ**

જ્ઞાન, સુલભ હોવું એ પૂરતું નથી. તે સરળતાથી અને મુક્ત રીતે પ્રાપ્ત થવું જોઈએ.

સમર્થન એ શિક્ષણની દરેક દિશાની માહિતી ધરાવતું શૈક્ષણિક પોર્ટલ છે.

તે એક માત્ર એવી બારી છે કે જે વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને આખા શૈક્ષણિક સમૂહને નિઃશુલ્ક માહિતી પૂરી પાડે છે.

મા ફાઉન્ડેશન દ્વારા આ શૈક્ષણિક પોર્ટલ જાન્યુઆરી 15, 2008માં મૂકવામાં આવ્યું છે.

**જ્ઞાનઃ**

અધ્યાપન જેવો અધિક આદરપૂર્ણ કોઈ વ્યવસાય નથી. શિક્ષકો આખી શૈક્ષણિક પદ્ધતિની કરોડરજ્જુ છે. આમ છતાં, શિક્ષકોને પ્રોત્સાહિત કરવા માટે અને તેઓને તેમની યોગ્ય ઓળખ અને વળતર આપવા માટે હાલ બહુ ઓછું કાર્ય થયું છે. પ્રોજેક્ટ જ્ઞાન, શિક્ષકોને સન્માન સમારંભ દ્વારા પ્રોત્સાહિત કરવા, સન્માનિત કરવા, તેઓની અધ્યાપન ક્ષમતામાં સુધારો લાવવા અને તેમના જ્ઞાનને વધારવા અને વિવિધ તાલીમ કાર્યક્રમો દ્વારા તેમને પ્રગટ કરવા ઘડવામાં આવ્યો છે

વાંચનની અમૂલ્ય ટેવ વિદ્યાર્થીઓમાં સ્થપાય તે માટે તેઓને સમાચારપત્રો પણ વહેંચવામાં આવ્યા છે.

વર્તમાન સ્થિતિઃ 1650 જેટલા શિક્ષકોને નવીનત્તમ પદ્ધતિની શૈક્ષણિક તાલીમ આપવામાં આવી, 241 જેટલા શિક્ષકોને તેમની કાર્ય-પદ્ધતિ માટે નવાજવામાં આવ્યા. દર અઠવાડિયે અંદાજે 42,500 સમાચાર પત્રની (વિદ્યાર્થી આવૃત્તિની) નકલો વલસાડ જિલ્લાની શાળાના વિદ્યાર્થીઓને પહોંચાડવામાં આવી.

Maa Foundation Knowledge is growth

## <u>પરવરિશઃ</u>

ભારતનો ગ્રામ્ય વિસ્તાર, વિદ્યાર્થીઓને પ્રાપ્ય શૈક્ષણિક અને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો વિશે ખૂબ ઓછા પ્રમાણમાં જાગૃત હોય છે. વધુમાં તેઓ પોતાના રસ વિશે પણ જાગ્રત હોતા નથી; તેથી તેઓ કારકિર્દી વિશે યોગ્ય નિર્ણય લેવા યોગ્ય બનતા નથી. પરવરિશ એ એવો કાર્યક્રમ છે કે જે કારકિર્દી મેળાઓ અને કૌશલ્ય કસોટી દ્વારા સેકંડરી સ્તરના વિદ્યાર્થીઓને કારકિર્દીનું માર્ગદર્શન પૂરું પાડે છે. પર્સનલ રીસ્પોન્સ સિસ્ટમ (PRS)નો ઉપયોગ કરીને આ કસોટી યોજવામાં આવે છે, સ્થાનિક ટેક્નોલૉજી કે જે સમૂહોને ભોજન પૂરું પાડે છે. આ બાળકોને તેઓની રસ અને રૂચિ પ્રમાણે કારકિર્દી પસંદ કરવામાં મદદ કરે છે. પરવરિશ બાળકોને તૈયાર કરવા અને જરૂરી સામાજિક કૌશલ્ય સાથે સુસજ્જ કરવા વ્યક્તિત્વ વિકાસની શિબિરો પણ યોજે છે.

<u>વર્તમાન સ્થિતિ</u>: અંદાજે 4750 કરતાં વધારે વિદ્યાર્થીઓએ વ્યક્તિત્વ વિકાસની શિબિરમાં ભાગ લીધો છે.

## <u>વિકાસઃ</u>

આજે મોટાભાગના સ્નાતકોને તેમના માટે જરૂરી સોફ્ટ સ્કિલ, અંગ્રેજી અને IT ના જ્ઞાનની ખામીને લીધે સીધી નોકરી મળતી નથી. પ્રોજેક્ટ વિકાસનું લક્ષ્ય ગામડાના સ્નાતકોને જરૂરી કૌશલ્યો અને ગુણવત્તાસભર જ્ઞાનથી સજ્જ કરવાનું અને યોગ્ય કારકિર્દી માર્ગદર્શન પૂરું પાડવાનું છે કે જે હાલમાં ફક્ત તેઓના શહેરી પ્રતિરૂપોમાં જ પ્રાપ્ય છે, જે તેમને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો કરવા અને /અથવા તેઓની રોજગાર યોગ્યતાની તકો વધારવામાં મદદ કરશે.

<u>વર્તમાન સ્થિતિ</u>: 800 જેટલા ગ્રામીણ સ્નાતકોને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો માટે વ્યવસ્થિત તાલીમ આપી તૈયાર કરવામાં આવ્યા છે. તેમાંથી 160 કરતાં વધારે વિદ્યાર્થીઓ આવા અભ્યાસક્રમમાં દાખલ થવા સક્ષમ થયા છે.

## <u>દિશા:</u>

ભારતના ગ્રામીણ વિસ્તારોમાં, અલગ-અલગ પ્રકારના શૈક્ષણિક અને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોની વિદ્યાર્થીઓમાં નહિવત્ પ્રમાણમાં માહિતી છે. તેના કરતાં પણ તેઓ પોતાની વિશિષ્ટતા/યોગ્યતા અને રુચિથી માહિતગાર હોતા નથી, આથી તેઓ પૂરેપુરી માહિતી સાથે તેમની કારકિર્દી માટેનો અભ્યાસક્રમ પસંદ કરતાં નથી. દિશાએ એક કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ છે જે માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન આપે છે અને આ કાર્યક્રમ કારકિર્દી વાર્તાલાપ અને ક્ષમતા કસોટી સહિત અમલ કરવામાં આવે છે. ક્ષમતા કસોટીનો અમલ અલગ તૈયાર કરેલ ટેક્નોલોજીની મદદથી અલગથી તૈયાર કરેલ સોફ્ટ્વેરની મદદથી ચકાસણી કરી, ખાસ રીમોટ(PRS) સિસ્ટમથી લેવામાં આવે છે, જેનાથી સમૂહમાં વિદ્યાર્થીઓને લાભ મળી શકે અને તેથી વિદ્યાર્થીઓ ક્ષમતા, યોગ્યતા અને રુચિના યોગ્ય માપન દ્વારા તેમની કારકિર્દી પસંદ કરી શકે.

વર્તમાન સ્થિતિ: હાલના સમય સુધી અંદાજિત 85,000 કરતાં વધારે વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન આપવામાં આવેલ છે. દરેક વર્ષે ધોરણ ૮ થી ૧૨ના અંદાજિત ૪૫ થી ૫૦ હજાર વિદ્યાર્થીઓને આ માર્ગદર્શનનો લાભ મળે.

**સાયન્સ ઓન વ્હિલ / ગણિતમેળો:**

- સાયન્સ ઓન વ્હિલ

  આ પ્રોજેકટનો પ્રાથમિક ઉદ્દેશ ગ્રામીણ વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રતિરુચિ કેળવવાનો છે જેથી તેઓ વિજ્ઞાનને લગતી કારકિર્દી પસંદ કરે અને ભવિષ્યમાં તેમની રોજગારની ઊજળી તકોનું નિર્માણ કરી શકે. ધોરણ ૫ થી ૮ના ગ્રામીણ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક નિયમોની સ્પષ્ટતા કરાવવાનો અને તેમણે આ મુશ્કેલ લગતા વિષય તરફ આકર્ષવાનો છે અને આ માટે એક બસ અને અન્ય વાહનોને હરતી-ફરતી વિજ્ઞાન પ્રયોગશાળામાં પરિવર્તિત કર્યા છે. આ વાતાનુકૂલિત બસ દ્રશ્ય-શ્રાવ્ય ઉપકરણો, બેસવાની વ્યવસ્થા અને જનરેટરથી સજ્જ છે. શાળાકીય અભ્યાસક્રમ આધારિત વિડીયો, પ્રયોગો અને માર્ગદર્શન તેને લગતા રમકડાં અને પ્રતિકૃતિ થકી કરાવવામાં અથવા શીખવવામાં આવે છે.
- ગણિતમેળો – આ એક આવો મેળો છે વિદ્યાર્થીઓ થકી વિદ્યાર્થી અને વાલીઓ માટે કરાવવામાં આવે છે, જેના શાળાકીય અભ્યાસક્રમનો આધાર રાખી તેમાં આવતા ગણિતકીય સિદ્ધાંતો/વિભાવનાઓ પરથી વિવિધ રમતો અને પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે, જેથી દરેકને ગણિત શીખવાની મજા પડે અને સમાજ તથા વાલીઓની તે પ્રતિ અભિરુચિ કેળવાય.

  વર્તમાન સ્થિતિ: અત્યાર સુધી અંદાજિત ૨૩૪ શાળાના ૫૫,૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થી અને વાલીઓને ગણિતમેળા થકી આવરી લેવામાં આવે છે, જેમાં બંને વિભાગો થઈને વાર્ષિક અંદાજિત ૨૩,૦૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ છે.

**સ્ટેપ-અપ :**

અમુક સરકારી પ્રાથમિક શાળાઓમાં એવું અવલોકન કરવામાં આવે છે કે શિક્ષક અને ઓરડાઓની અછતના લીધે વિદ્યાર્થી-શિક્ષકના ગુણોત્તર અસમતુલા અને અલગ-અલગ ધોરણના વિદ્યાર્થીઓ એક જ કક્ષમાં અભ્યાસ કરતાં જોવા મળે છે. આ કારણથી આપવામાં આવતા શિક્ષણની ગુણવત્તામાં ખૂબ મોટી અસર પડે છે. આ સ્થિતિનું નિરાકરણ અને વિદ્યાર્થીઓને શિક્ષણની પ્રવૃત્તિમાં તરબોળ રાખવા માટે માં ફાઉન્ડેશને એક અલગ પ્રકારની પદ્ધતિનો અમલ કરેલ છે – સ્ટેપ અપ

સ્ટેપ અપએ બહુ વર્ગ – બહુ ક્ષમતા મુજબની એક નવીનત્તમ શિક્ષણ પદ્ધતિ છે જેમાં શાળાના અભ્યાસક્રમને અલગ-અલગ ભાગ-વિભાગોમાં વહેંચવામાં આવે છે અને દરેકની અલગ-અલગ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓને શીખડાવવામાં આવે છે. આ પ્રવૃત્તિઓ અલગ-અલગ વિભાગ પ્રમાણે જેવા કે સંપૂર્ણ શિક્ષક આધારિત, અંશતઃ શિક્ષક આધારિત, અન્ય વિદ્યાર્થી આધારિત અને સ્વયં આધારિત વહેંચવામાં આવે છે. શિક્ષક પરની જવાબદારી ઓછી થાય અને નબળાં બાળકોને તેમની ક્ષમતા

પ્રમાણે તેમની ઝડપ અનુસાર શિક્ષણ મેળવી શકે. આ પદ્ધતિમાં શિક્ષણનું કાર્ય માત્ર આ ક્રિયાઓને સરળ બનાવવાનું છે તેમાં માત્ર સહાયક થવાનું છે. આ પ્રવૃત્તિ સૈદ્ધાંતિક સ્પષ્ટતા પર આધારિત છે. જેથી તે વિદ્યાર્થીને શીખવવાની પ્રક્રિયામાં ગૂંથાઇ જાય છે.

વર્તમાન સ્થિતિ: માં ફાઉન્ડેશને વલસાડ જિલ્લાની ૬ શાળાઓમાં ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓને ભણાવવા માટે આ પદ્ધતિનો અમલ કરેલ છે.

**સામાજિક યોજનાઓઃ**

ઉપરના પ્રોજેક્ટ સિવાય મા ફાઉન્ડેશન બીજી વિવિધ સામાજિક યોજનાઓમાં સમાજના કલ્યાણ માટે સંકળાયેલ છે.

- મા ફાઉન્ડેશન દ્વારા વલસાડ જિલ્લાની બધી સરકારી શાળાઓમાં પહેલા ધોરણના વિદ્યાર્થીઓને સ્કૂલબેગ, પાટી, પેન, પેન્સિલ, રબર વગેરે વહેંચવામાં આવ્યું હતું. ગયા વર્ષે પહેલા ધોરણના વિદ્યાર્થીઓને આ પ્રકારની 26000 કીટ વહેંચવામાં આવી હતી.
- ટ્રાફિકને નિયંત્રણ રાખવા માટે મા ફાઉન્ડેશને વાપીમાં ટ્રાફિક સિગ્નલો મૂકાવ્યાં.
- શિક્ષણ અને તેના મહત્વ વિશે જાગૃતતા લાવવા મા ફાઉન્ડેશને વાપીમાં ઘણા સર્કલ બનાવ્યા.
- અમારા સ્વચ્છતા અભિયાન પ્રોજેક્ટમાં જુદી-જુદી અંતરિયાળ જગ્યાઓ પર કચરા પેટીઓ ગોઠવવાનો તેમજ શહેરને સ્વચ્છ રાખવા માટે મજૂરોને નક્કી કરવાનો સમાવેશ થાય છે.